
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ વૃષભ**

**આજના ગ્રહોની કુંડળી**




**ચાંડાલ યોગ અને મીનારક ચાલુ છે ● જો જન્મના ગ્રહો બળવાન હશે તો... ● ચંદ્ર - શુક્ર ઉચ્ચના ગ્રહો છે.**

**મેષ** આપની રાશિનો અધિપતિ આપની રાશિથી આઠમે સ્વગૃહી મંગળ શનિની સાથે યુતિમાં હોઈ આપને ધાર્યુ ફળ પ્રાપ્ત થાય નહીં. દિવસ મિશ્રફળવાળો જાય.

**વૃષભ** કેન્દ્રમાં મંગળ શનિની સીધી અસરમાં ચંદ્ર આવી જતો હોઈ ઉચ્ચનો ચંદ્ર દુષિત થાય છે - ચોથે રાહુ પણ સારો ગણાતો નથી. તેથી આજે તમારો દિવસ મિશ્રફળ આપનારો જાય.

**મિથુન** આપની સ્થાનોમાં ગ્રહો આવેલ છે એ સ્થાનોમાં ફક્ત બારમે ચંદ્ર થોડો વિપરીત છે જેના કારણે આપ ખર્ચમાં કરકસર અને કંજૂસાઈ કરો જેથી ચડભડ ઉભી થાય.

**કર્ક** જેમ જેમ સમય પસાર થતો જશે તેમ તેમ શત્રુઓ વધારતી જો છે જેથી આગામી સમયમાં નવા ઉભા થનાર મિત્રો કરતાં જૂના શત્રુઓ તમારે માટે નુકસાનકારક સાબિત થશે. તમારી પ્રગતિ રૂંધાશે.

**સિંહ** ચાંડાલ યોગ તેમજ ચોથે શનિ મંગળની યુતિને કારણે દસમા ઉચ્ચના ચંદ્રનું ફળ મળતું નથી. આઠમે સૂર્ય પણ પાપગ્રહોની યાદીમાં આવતો હોઈ પડવા - વાગવા - દાઝવાથી સંભાળવું.

**કન્યા** સાતમે સૂર્ય નુકસાનકારક છે. બારમે રાહુ તેનાથી વધુ નુકસાનકારક છે. માટે ખરાબ સમય પસાર કરવા માટે ધર્મ અને ભક્તિ - પૂજાનું અવલંબન જરૂરી છે. સાચવશો.

**તુલા** સાતમે બુધ સારો ગ્રહ છે. શુભગ્રહ નવમા અને બારમા સ્થાનનો માલીક છે તેથી ભાગ્યના જોરે શેર સટ્ટામાં આવક થાય જે થોડીક જ ક્ષણોમાં વ્યય થઈ જાય.

**વૃશ્ચિક** રાશિપતિ મંગળ પ્રબળતા ધરાવે છે પરંતુ દસમે ચાંડાલ યોગ તેમજ પાંચમે સૂર્ય તમારા સંતાનો તરફથી પ્રશ્નો ઉદ્ભવે તેવા યોગ છે માટે ભક્તિપૂજા કરવી - સાચવવું.

**ધન** બારમે મંગળને શનિ તેમજ ચોથે સૂર્ય શુક્ર વિપરિત યોગ ઉભા કરે છે - સ્થાનોની દ્રષ્ટિએ નુકસાનકારક યોગો છે. સાવધાની રાખી સમય પસાર કરવો ઉચિત છે.

**મકર** અગિયારમે મંગળ શનિ - ચંદ્રથી દ્રષ્ટ હોઈ આપને ચંદ્ર ઉચ્ચનો હોઈ સંતાનો તરફથી લાભ પ્રાપ્ત થાય તેમજ મંગળ શનિથી પણ જમીન - મકાનથી લાભ થાય.

**કુંભ** સાતમે ગુરુ - રાહુના ચાંડાલ યોગના કારણે જીવનસાથીની કડવી વાણીથી ઘણા જ ક્રોધિત અને હેરાન પરેશાન થશો - સંયમ રાખશો તો ફાવશો.

**મીન** મીનારક કમૂરતાં ચાલે છે - ઉચ્ચનો શુક્ર સૂર્ય સાથે હોઈ ઉચ્ચત્વ ગુમાવે છે - બીજા બધા ગ્રહોના સ્થાનો જોતાં આજનો દિવસ ચડઉતર થયા કરે - મિશ્રફળ મળે.

# આજે બાયડના સુંદરપુરા ગામે એસપીજીનું મહાસંમેલન યોજાશે

બાયડ, તા. ૯ બાયડ તાલુકાના સુંદરપુરા



ગામે એસપીજીના અધ્યક્ષ લાલજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં મહા સંમેલન યોજાશે. આજે મહાસંમેલનમાં કંઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્તની તૈયારીઓ કરવામાં આવી છે. વહીવટીતંત્ર દ્વારા મહાસંમેલનને યોજવા માટે લીલી ઝંડી આપવામાં આવી છે. જિલ્લા પોલીસ અને વહીવટીતંત્ર આ સંમેલનના કારણે ખદબદી ગયું છે.

બાયડ તાલુકાના એસપીજી પ્રમુખ ચિરાગ પટેલના જણાવ્યા મુજબ અરવલ્લી જિલ્લાના ૧૮૨ પાટીદારોના ગામો હોવાના કારણે આશરે સંખ્યા ૨૫ થી ૩૦ હજાર પાટીદારો સંમેલનમાં ભાગ લેશે. પાટીદારો રાજકોટ, સુરત, મહેસાણા, ગાંધીનગર, વિસનગર તેમજ આજુબાજુના પાટીદારો એકત્ર થઈ સમાજને કોઈપણ હિસાબે અનામત અપાવવા માટે લડાઈ આગળ ધપાવવા માટે મહા સંમેલન યોજાનારૂ પાટીદારો દ્વારા તા. ૧૭ તારીખના રોજ જેલભરો આંદોલન શરૂ થનાર છે ત્યારે તેની પણ જાહેરાત કરવામાં આવશે. પાટીદાર ભાઈઓ જે હાલમાં જેલમાં છે. તેમને જેલમાંથી મુક્તિ કરાવી અને




અનામત મેળવીને રહીશુ.

બાયડ મામલતદારે શરતોને આધિન મંજુરી આપેલ છે. જેમાં સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ અમલ કરવાનો રહેશે. તેમજ સરકાર વિરૂદ્ધ ભાષણ કે સૂત્રોચાર કરી શકાશે નહી. તેમજ સંમેલનના સ્થળે અનિચ્છનીય બનાવ બનશે તો તેની સંપૂર્ણ જવાબદારી આયોજકની રહેશે આ શરતોને આધિન મંજુરી આપવામાં આવેલી છે.

## સે-૨૧ મહારાષ્ટ્ર સમાજ ભવન ખાતે 'ગરૂડ ઝેપ' મરાઠી નાટક યોજાયું

મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગર દ્વારા મરાઠી નૂતન વર્ષની ઉજવણીના ભાગરૂપે મરાઠી નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સિધ્ધિ વિનાયક દશાવતાર નાટક મંડળ અને મુંબઈના કલાકારો દ્વારા પ્રસિધ્ધ મરાઠી નાટક 'ગરૂડ ઝેપ' રજુ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગરમાં વસવાટ કરતા મહારાષ્ટ્રીયન ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## સોમવારે ગોગા મહારાજ મંદિરમાં હવન તેમજ ધજા ચઢાવાશે

ગાંધીનગર નજીક આવેલા કુડાસણ ગામમાં સ્થિત ગોગા મહારાજના મંદિરના સ્થાપનાના ત્રીજા વર્ષ નિમિત્તે આગામી તા. ૧૧ એપ્રિલને સોમવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે મંદિર ખાતે હવન અને ધજા ચઢાવવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જય ગોગા મહારાજ યુવક મંડળ કુડાસણના ભુવાજી કાળુભાઈ રબારી, રામજીભાઈ રબારી, વિરમભાઈ રબારી, કાનજીભાઈ રબારી સહિતના આગેવાનોએ આ કાર્યક્રમનું આયોજન કર્યું છે.

# ગાંધીનગર લક્ષ્ય સંસ્થા દ્વારા વિનામુલ્યે સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગોનો શુભારંભ

ગાંધીનગર, તા. ૯ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતી ઉજવણીના પાવન અવસરે, ગુજરાત રાજ્યના




નિવૃત્ત અને પ્રવૃત્ત અધિકારીઓના સંગઠન 'લક્ષ્ય'ના ઉપક્રમે આજે ડૉ. આંબેડકર ભવન, ગાંધીનગર ખાતે કોઈપણ જાતિ-વર્ગના ભેદભાવ વિના રજીસ્ટર થયેલા ૨૧૦ જેટલા યુવાન ભાઓ-બહેનોના આગામી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના તાલીમ વર્ગનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.

સવારે અને સાંજે બે શિફટમાં વિનામૂલ્યે ચાલનાર આ તાલીમવર્ગનું ઉદ્ઘાટન કરતાં રાજ્યના વાણિજ્ય વેરા કમિશ્નર ડૉ. પી.ડી. વાઘેલાએ આજે મધ્યમ વર્ગના પરિવારોના યુવક-યુવતીઓમાં શિક્ષણ અને જ્ઞાનની ભૂખ ઉઘડી છે, તેવા સમયે 'લક્ષ્ય' દ્વારા રાજ્ય સરકાર દ્વારા આગામી સમયમાં લેવાનાર વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના તાલીમવર્ગના થયેલ આયોજનને બિરદાવ્યું હતું. તેમણે બધી ભાષાઓમાં અંગ્રેજી ભાષા પણ ઘણી સહેલી હોઈ, તેના પર ખાસ લક્ષ્ય આપી તેને શીખવા યુવક-યુવતીઓને વિશેષ અનુરોધ કર્યો હતો. વાઘેલાએ સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ઉપરાંત હવેથી ખાનગી સંસ્થાઓમાં જ્યાં મોટાપાયે રોજગારીની શક્યતાઓ છે ત્યાં પણ યુવાધનને રોજગારી મળે તે માટેના તાલીમવર્ગો અને પ્રયાસો હાથ ધરવા અનુરોધ કર્યો હતો. તેમણે આર્થિક અસમાનતાની સાથે સામાજીક અસમાનતાને પણ નિવારવા માટે આ પ્રકારના તાલીમવર્ગોની ઉપયોગીતા બહુમુલ્ય હોવાનું જણાવ્યું હતું.

'લક્ષ્ય'ના પ્રમુખ એમ.બી. પરમાર આઈએએસ(નિવૃત્ત)એ પણ પ્રારંભે સંસ્થાની કાર્યવાહીનો પરિચય આપી, આવનાર સમયમાં રાજ્ય સરકાર દ્વારા જે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ લેવાનાર છે, તે માટે ખૂબ જ નિષ્ણાંત ફેકલ્ટી પર્સનના આયોજન દ્વારા સ્પર્ધકોને શ્રેષ્ઠ રીતે તૈયાર કરવાની નેમ વ્યક્ત કરી હતી. શ્રી એમ.બી. પરમારે આગામી સમયમાં ખૂબ મોટી સંખ્યામાં સરકારી જગ્યાઓની જાહેરાતો આવનાર છે ત્યારે અત્યારથી જ તે માટે સ્પર્ધા માટે સજ્જ થવા ઉમેદવારોને અનુરોધ કર્યો હતો. શ્રી પરમારે છેલ્લા બે વર્ષથી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના 'લક્ષ્ય' દ્વારા ચલાવાતા તાલીમવર્ગોની સફળતાની ગૌરવપૂર્ણ માહિતી પણ આપી હતી. પ્રારંભે સ્વાગત પ્રવચન લક્ષ્ય કોરગૃપના સભ્ય ડૉ. ડી.ડી. કાપડીયાએ કર્યું હતું.

આજે આ ઉદ્ઘાટન સમારોહમાં સ્પીપાના પૂર્વ સંયુક્ત નિયામક જશવંત આચાર્ય, લક્ષ્ય કોર ગૃપના નટુભાઈ પરમાર, આર.કે. પરમાર, ભૂપેન્દ્ર શ્રીમાળી, જે.જી. પંડ્યા તથા નિષ્ણાંત ફેકલ્ટી પારસ પરમાર અને મોટી સંખ્યામાં સમાજના તમામ વર્ગના યુવક-યુવતીઓ સૌ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સુંદર સંચાલન 'લક્ષ્ય' કોરગૃપના પ્રવીણ શ્રીમાળીએ કર્યુંહતું જ્યારે આભારવિધિ ભૂપેન્દ્ર શ્રીમાળીએ કરી હતી.

## ખૂણે ખાંચરેથી...

● મહાનગરપાલિકાની ચૂંટણીના ઉમેદવારીપત્ર ભરવાનો આજે અંતિમ દિવસ હોવાથી આખી રાત નેતાઓ અને કાર્યકરોની દોડધામથી સતત નગર ધબકતુ દેખાયુ હતુ.

● આજે ભાજપના શ્રી નાઝાભાઈ ધાંધર અને કોંગીના શ્રી ચીમનભાઈ વિંઝુડા તેમજ રમીલાબેન પ્રદીપસિંહ વાઘેલાએ બે-બે સેટ ઉમેદવારી પત્રના રજુ કર્યા હતા.

● વોર્ડ નં. ૬માં લોક વિકાસ મંચ, ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ત્રિકોણીય જંગ ખેલાશે. આ વોર્ડ એવો વોર્ડ છે જ્યાં એક પણ અપક્ષ ઉમેદવાર મેદાનમાં નથી.

● સૌથી વધુ અપક્ષ ઉમેદવારો વોર્ડ નં. ૨માં નોંધાયા છે આ પછી વોર્ડ નં. ૧માં નોંધાયા છે.

● મહાનગરપાલિકાની ચૂંટણી માટે કુલ ૬૫૮ ફોર્મનું વેચાણ થયું હતુંપરંતુ ભરાઈને માત્ર ૧૭૧ જ ફોર્મ આવ્યા હતા.

● ઉમેદવારી પત્રની કિંમત રૂ. ૫૦ રખાઈ હોવાથી તેના વેચાણની આવક રૂ. ૩૩ હજાર જેટલી થવા જાય છે.

● રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ આજે દિલ્હી પહોંચ્યા છે. તેમણે પક્ષના વરિષ્ટ અને ગાંધીનગરના સાંસદ શ્રી અડવાણીની મુલાકાત લઈ સ્વ. કમલા અડવાણીના નિધન અંગે સંવેદનાઓ વ્યક્ત કરી હતી.

ઉમેદવારોને મેદાનમાં ઉતારતાં જંગ રોચક બનશે તેવા નિર્દેશો રાજકીય વર્તુળો આપી રહ્યા છે.

આજે સૌથી વધુ ઉમેદવારીપત્રો વોર્ડ નં. ૭ અને ૮માંથી રજુ થયા છે. જ્યાં ૨૫-૨૫ ઉમેદવારો નોંધાયા છે. જ્યારે સૌથી ઓછા ઉમેદવારીપત્રો વોર્ડ નં. ૬માં રજુ થયા છે જેની સંખ્યા ૧૭ છે.

વોર્ડ નં. ૧માં ૨૧, વોર્ડ નં. ૨માં ૧૯, વોર્ડ નં. ૩ અને ૪માં ૨૦-૨૦ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. વોર્ડ નં. ૫ માં ૨૪, વોર્ડ નં. ૬માં ૧૭ અને વોર્ડ નં. ૭ અને ૮માં ૨૫-૨૫ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

ભાજપે મોડી રાત્રે વોર્ડ નં. ૫માં જાહેર કરાયેલ ઉમેદવારને બદલે બીજા ઉમેદવારને ફોર્મ ભરાવડાવ્યુ છે જેથી કાર્યકરોના રોષને થાળે પાડવામાં નેતાઓને સફળતા મળી હતી. કોંગ્રેસે આજે તેની સત્તાવાર યાદી જાહેર કરી છે જેમાં ૯ કાઉન્સીલરો પર પુનઃ પસંદગી ઉતારી છે.

હવે સોમવારે ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે જ્યારે મંગળવાર ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી એ દિવસે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

## મહિલા શ્રદ્ધાળુઓ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહાલક્ષ્મી મંદિર ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે. આ બંને મંદિરોમાં પણ મહિલાોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. મુંબઈના જાણિતા વકીલ ગણેશ સોવાણીએ દાવો કર્યો છે કે, કેટલાક પુરુષોએ બેરિકેડ તોડી પાડવામાં આવ્યા બાદ સત્તાવાળાઓએ નિર્ણય કર્યો હતો. મુંબઈ હાઈકોર્ટે પહેલી એપ્રિલ ૨૦૧૬ના દિવસે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો અને કહ્યું હતું કે, મહિલાઓને પણ પ્રવેશ મળે તે જરૂરી છે. પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યા બાદ શનિ શિંગણાપુર મંદિરમાં મહિલા શ્રદ્ધાળુઓ ઉમટી પડી હતી. દર્શન માટે મોટી સંખ્યામાં મહિલા શ્રદ્ધાળુઓ પહોંચી રહી છે. ભગવાન શનિદેવના મંદિરમાં દર્શન માટે આજે સવારથી જ ભીડ જામી હતી.

શુક્રવારના દિવસે ૪૦૦ વર્ષ જૂના પ્રતિબંધને ઉઠાવી લીધા બાદ વહેલી સવારથી જ મહિલાઓએ મંદિરમાં જઈને અભિષેકની વિધિ કરી હતી. સમગ્ર ગામમાં તહેવાર જેવું વાતાવરણ થયેલું છે. મહિલાઓના ચહેરા ઉપર ખુશી આવી ગઈ છે. ટ્રસ્ટના અધિકારીઓએ આશા વ્યક્ત કરી છે કે, પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યા બાદ અહીં આવતા પ્રવાસીઓની સંખ્યા અને શ્રદ્ધાળુઓની સંખ્યા બે ગણી થશે.

## સાથે-સાથે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાર્યકરો પણ હસતા મોઢે કલેકટર કચેરી ખાતે પોતાના મિત્રો સાથે દેખાયા હતા.

● કેટલાક મોટા ગજાના ઉમેદવારો મોટા કાફલાની જગ્યાએ માત્ર ગણ્યાં -ગાંઠ્યા કાર્યકરોની સાથે ઉમેદવારી કરવા આવ્યા હતા.

● શહેરના ઘ-માર્ગ પર અનેકવાર ટ્રાફીક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા.

● લોક વિકાસ મંચ અને બહુજન સમાજ પાર્ટી સહિત અપક્ષ ઉમેદવારો પણ ટેકેદારો લઈને ઉમેદવારી નોંધાવા માટે આવી પહોંચ્યા હતા.

● ગોંવિદ પ્રજાપતિ નામના એક વેપારી અપક્ષ ઉમેદવારી નોંધાવા માટે આવ્યા હતા પરંતુ એક પુરાવો ખુટતા લેવા જતા લેટ પડ્યા હતા. જેને લઈ તેઓ ઉમેદવારી નોંધાવી શકયા નહોતા.

● ઉમેદવારોએ ફોર્મ ભર્યા હોવા છતા કેટલાક આગેવાનો છેક સુધી લોંબીગ કરતા હતા.

● ઉનાળાની ગરમી અને રાજકીય ગરમાવાને કારણે આગેવાનો તેમજ ટેકેદારો ઠંડા પીણાના પાર્લરો પર આઈસ્ક્રીમ તેમજ ઠંડાપીણા પીતા નજરે પડ્યા હતા.

● કલેકટર કચેરીની આસપાસ આવેલા ચા અને નાસ્તાના વેપારીઓને ત્યા ભારે ઘરાકી જોવા મળી હતી.

● ઉમેદવારો પોતાની સાથે આવેલા તમામ ટેકેદારોને પોતાના રસોડે દાળ-ભાત, શાક-પુરી, મીઠાઈ, ઠંડી છાશ સહિતનું જમણ કરાવ્યું હતું.

● કેટલાક ઉમેદવારો આજે ઉમેદવારી પત્ર ખરીદવા માટે પણ આવ્યા હતા.

● જિલ્લા કલેકટર શ્રી રવિશંકર, અધિક નિવાસી કલેકટર શ્રી કાલરીયા, પ્રાંત અધિકારી શ્રી રાકેશ વ્યાસે પણ આખો દિવસ કચેરીમાં હાજર રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી હતી.

● ઉમેદવારોને અગવડતા ઉભી ના થાય તે માટે અઢી વાગ્યા પછી ટોકન આપવામાં પણ આવ્યા હતા.

● મનપાની કચેરી દ્વારા આજે પણ પ્રમાણપત્રો આપવાની કામગીરી ચાલુ રખાઈ હતી.

● ભાજપના કાર્યાલય ખાતે આજે તેના તમામ ઉમેદવારોને પ્રદેશ પ્રમુખ વિજય રુપાણીએ પ્રસ્થાન કરાવ્યું હતું.

## વિસ્તરણના સંકેતો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાખશે, તેમ ચર્ચાઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે આનંદીબેને ગુજરાતની વર્તમાન સ્થિતિ અંગે ચર્ચા કરી હતી અને પાટીદાર અનામત આંદોલન બાબતથી પણ વાકેફ કર્યા હતા. બીજી તરફ વિધાનસભા ૨૦૧૭ મિશન જીતવા માટે પ્રધાનમંડળના વિસ્તરણ અંગે કેટલાક નામોની ચર્ચા કરી હતી. પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીએ હોદ્દેદોરાના નામ જાહેર કર્યા પછી ભાજપ પ્રદેશ કારોબારી ટીમ તૈયાર થઈ ગઈ છે. હવે આનંદીબેન પટેલ ગમે ત્યારે પ્રધાનમંડળના વિસ્તરણની જાહેરાત કરશે. પાટીદાર અનામત આંદોલન સંદર્ભે હજી સુધી સમાધાન થઈ શક્તું નથી. પણ જો સમાધાન ન થાય તો જ્ઞાતિ ફેકટરને આગળ કરીને અન્ય જ્ઞાતિના લોકોને ભાજપ દ્વારા આકર્ષિત કરવાનો પ્રયાસ કરશે. જે બાબત પ્રધાનમંડળના વિસ્તરણમાં ધ્યાનમાં લેવાશે. મુખ્યમંત્રી આનંદીબેનની દિલ્હી મુલાકાત પાછળ એવુ પણ ચર્ચાઈ રહ્યું હતું કે, તેઓ સદગત કમલાજીના નિધન અંગે અડવાણીનાં નિવાસ સ્થાને દિલાસો વ્યક્ત કરવા ગયા હતા. પરંતુ તેમણે વડાપ્રધાનની મુલાકાત લઈ સતત બે કલાક સુધી ચર્ચા કરી ગુજરાતના પ્રધાનો તથા રાજકીય આગેવાનો ભારે આશ્ચર્યમાં મુકાઈ ગયા છે. જ્યારે બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં પ્રધાનમંડળના વિસ્તરણથી માંડીને ૨૦૧૭ની ચૂંટણી સંદર્ભે નિર્ણયો લેવા આનંદીબેનને છુટો દોર આપ્યો હોવાનું પણ જાણવા મળે છે.

## ઉમેદવારો મેદાનમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોઈ બાકી રહી ગયુ નથી તેની ચકાસણી માટે આવ્યા હતા.

ગાંધીનગર મહાનગર પાલિકાની આ ચૂંટણીમાં પ્રથમવાર ઝુકાવનાર લોક વિકાસ મંચે ૩ વોર્ડમાં પેનલ ઉતારી છે તો બસપા અને એનસીપીએ પણ

## બીજા તબક્કાની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોલીસ કેસ પાછા ખેંચ્યા હોય તેમના નામ, કેસ, નંબર, પોલીસ સ્ટેશનના નામ સાથેની યાદી જાહેર કરે. શ્વેતાંગ, પ્રતિક પટેલના પરિવારોને સરકારી સહાય મળી જ નથી તેવો આક્ષેપ તેમણે કર્યો છે. આંદોલનમાં યંગબ્રિગેડની સાથે મહિલાઓએ પણ મેદાનમાં ઝંપલાવ્યું હતું. આંદોલનને મજબુત કરવા મહિલાઓ થાળી વેલણ લઈને આંદોલનમાં જોડાઈ હતી. મહિલા સંગઠન મજબુત બને તે માટે ગત મહિનામાં પાટીદારો દ્વારા મહેસાણામાં મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહિલા સંમેલનમાં ૧ લાખથી વધુ મહિલા જોડાઈ હતી. ત્યારે મહેસાણાની જેમ જ સુરતમાં પણ મહિલા સંમેલનું આયોજન કરાયું છે. ટૂંક સમયમાં સુરતમાં આંગણે મહિલા સંમેલન યોજાશે. જેમાં રાજ્યભરમાંથી પાટીદાર મહિલાઓ ભાગ લેશે.

જોઈએ છે ... ટચૂકડી જાહેર ખબર
Gayatri
DJ
Keval Rawal
M : 9276837544

## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

ઐતિહાસિક વિગતો આપીને લેખિકા એના મંદિરો વિશે વિગતે વાત કરે છે. પરંતુ કાળમીંઢ પથ્થરો ઉપર કંડારાયેલા કોમળ શ્રુંગારિક સૌન્દર્યની તસવીરોનો અહીં અભાવ વર્તાય છે. એક માત્ર તસવીર આપીને લેખિકાએ અન્ય તસવીરો અહીં પ્રસ્તુત કરવાનું ટાળ્યું છે. કદાચ સ્ત્રીસહજ સુરૂચિને ધ્યાનમાં રાખીને શ્રુંગારિક શિલ્પ તસવીરો ના મૂકી હોય એમ બને પરંતુ એ કલાદૃષ્ટિએ ચોક્કસ ઉપકારક બની હોત.

દક્ષિણ ભારતના પ્રવાસમાં બેંગલોરના બગીચાઓ, મહેલો, મંદિરોની વાત, મેંગલોર, શ્રી રંગપટ્ટમ, મૈસૂર, ઉંટીની પ્રાકૃતિક અને ઐતિહાસિક ભવ્યતાની ઝાંખી થાય છે. તો વળી ભારતનો છેડો ''કન્યાકુમારી'' ની વિગતો પણ અહી છે જો કે લેખિકા અહીંના આદિ સંતકવિ તિરુવલ્લુવરની વાત વિસરી ગયા છે. કેમ કે માત્ર ભારતમાં જ નહી અપિતુ આખા વિશ્વમાં કદાચ કોઈ કવિની આટલી વિશાળ પ્રતિમાનું અનાવરણ કરી એમની પ્રતિષ્ઠા કરી હોય એવું અહીં સંત કવિ તિરુવલ્લુવર સિવાય બીજે ક્યાંય નથી. આ આદિકવિની વાત અને વિશાળ પ્રતિમાની તસવીરનો અભાવ અહીં ચોક્કસ સાલે છે. તમિલનાડુના મદુરાઈનું સુપ્રસિદ્ધ ''મીનાક્ષી મંદિર'' એના ઊંચા ઊંચા કલાત્મક ગૂંબજોની નયનરમ્ય તસવીરો સૌ કોઈને આકર્ષે છે. તો વળી ૧૨ જ્યોતિર્લિંગ પૈકીનું એક ''રામેશ્વર'' મંદિર પણ શબ્દબદ્ધ થયું છે. પરંતુ તેમાંય થોડી વિગતો ખૂટતી જણાય છે. પૂર્વનું ફ્રેંચ રાજ્ય ગણાતું 'પોંડિચેરી' વિશે લેખિકાએ આધ્યાત્મિકસ્તર પર આલેખન કરીને એનો મહિમા કર્યો છે. તો વળી આ જ પ્રવાસગ્રંથમાં નાળીયેરીથી ઘેરાયેલા કોચીન અને લક્ષદ્વીપ વિશે માહિતીસભર કથાઓ છે. અહીં રબ્બરના બગીચાઓની વાત - રબ્બરના વૃક્ષોની વાત - વિગતો આપણા જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે. ટીપુ સુલતાન નામના જહાજની મુસાફરી રોમાંચક રહે છે. લક્ષદીપના ૩૬ ટાપુઓની નકલ્પેલી દુનિયા આપણને નીલા રંગના પાણીની અંદરની સૃષ્ટિનું દર્શન કરાવે છે. તો વળી આંદાબાર-નિકોબારની યાત્રા પણ એટલી જ રમ્યતા લઈને આવે છે. પોર્ટબ્લેરની સેલ્યુલર જેલની ૧૮૫ની સ્વાતંત્ર્ય સંગ્રામની વાત આપણને રાષ્ટ્રભક્તિના રંગે રંગી દે છે. રૉસ, વાઈપર અને તોર્થ ટાપુની મુલાકાત, બારટંગની લાઈમ સ્ટોનની ગુફાઓની સાહસિક સફર રસપૂર્ણ રહે છે. પાંચ દિવસની આ યાત્રા યાદગાર બની રહે છે. શ્રી લંકાની યાત્રા પણ રામાયણના ''લંકાકાંડ'' ની યાદ સાથે આરંભાય છે. ખુબ ટૂંકાણમાં માત્ર એક પેરેગ્રાફમાં રામાયણની એ ઘટના, કહેવત અને દશેરાએ થતું રાવણદહનની વાત અહીં ભાષાસિદ્ધિ બને છે. પેકેજ ટૂરની આ યાત્રા પણ લેખિકા મનભરીને માણે છે. શ્રીલંકાની રાજધાની કોલંબોના સુબ્રમણ્યમનું મંદિર, ગંગારામ મંદિર તથા અન્ય બૌદ્ધ મંદિરોની મુલાકાત, ૬૪ સ્મારકો, ફૉર્ટ, મસ્જિદો, પર્વતીય પાણીના ધોધ, અહીંના સાંસ્કૃતિક કાર્યક્રમો - અહીંની અગ્નિ પર ચાલવાની આળોટવાની પરંપરાનું પ્રાગટ્ય, હાથીઓના ઝૂંડ, નાળિયેરીઓ, દરિયાકાંઠા અને આ પ્રાકૃત્તિક સૌન્દર્યમાં કવિ નિરંજન ભગતની કાવ્યપંક્તિઓ આખા પ્રવાસ નિબંધને આહલાદક બનાવી દે છે.

ગ્રંથના અંતમાં ગુજરાતના જૈન તીર્થધામમાં મહૂડીની વાત, આગલોડ તીર્થ, પાટણના જૈન મંદિરો, પંચાસરાનું પાર્શ્વનાથનું ભવ્ય મંદિર અને એની વિરાટ તસવીર, કંબોઈનું દેરાસર, મહેસાણાના સીમંધર સ્વામીના દેરાસર, શંખેશ્વરનું તીર્થસ્થાન તો વળી ચારૂપ, કુમ્ભારિયા, તારંગા, ઈડર, વાલમ વગેરે જૈન તીર્થોની માહિતી અને દંતકથાઓ આપણા જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે. રાણકપુર અને જેસલમેરની યાત્રા પણ અહીં હૂબહૂ પ્રસ્તુત થઈ છે, અહીંના મંદિરો, એના સ્તંભો, ૭૬ શિખરબંધ ધજાઓ, રંગમંડપ, છતો, ભીંતો, થાંભલાની કારીગરીની નોંધ, જેસલમેરના પ્રાચીન ગ્રંથ ભંડારોની સંશોધનાત્મક વાત, ૧૧મી સદીમાં લખાયેલા કાગળના નમૂનાની વાત, પટવાઓની હવેલીઓની બાંધણી વગેરેની વિગતો રસપ્રદ રીતે રજુ થઈ છે. અંતમાં જૈનધર્મના પવિત્રસ્થાન શ્રી સમેત શિખરની યાત્રા આવે છે. જેમાં ભગવાન મહાવીર સ્વામીની નિર્વાણભૂમિની પવિત્રતા, શાંત આહલાદક વાતાવરણ, અહીંનો રાજકીય ઈતિહાસની વિપુલગિરિ અને રત્નગિરિનું સૌન્દર્ય અને શાંતિ ભાવકો અને ભક્તોના મનમાં પણ સ્થિર થઈ જાય છે.

સમગ્ર રીતે જોતા આ પ્રવાસ પુસ્તકમાં લેખિકાએ સ્થળ અને કાળની સાથે સંકળાયેલ ઐતિહાસિક, પૌરાણિક કથા - દંતકથાઓનો ઉલ્લેખ, હૉટેલ ધર્મશાળાઓની માહિતી, સ્થાનિક રીત રિવાજો, સાંસ્કૃતિક પરંપરા-કળા અને સંસ્કૃતિની વાત વણી લીધી છે. વળી આ ગ્રંથની બીજી વિશેષતા એ છે કે લેખિકાના પ્રવાસની સાથે સાથે ભાવકો -વાંચકોની પણ આ પ્રવાસયાત્રા બની રહે છે. કેમ કે એનું આલેખન વાસ્તવલક્ષી થયું છે. સરળ ભાષામાં થયું છે. આ ગ્રંથની સૌથી મોટી ઉપલબ્ધિ હોય તો તે એની રંગીન, જીવંત અને કાવ્યાત્મક તસવીરો છે. આ અદભુત અને કલાત્મક તસવીરો પણ અહીં ઘણું બધું બોલે છે. એ તસવીરો શબ્દ, ભાવ અને ભાષાને પણ કલાત્મક અને મૂલ્યવાન બનાવે છે. તસવીરોમાં રહેલી કેમેરામેનની કલાસૂઝ સ્પષ્ટ જોઈ શકાય છે.

(સફરના સંભારણા :- જ્યોત્સના ઝવેરી, કિંમત - રૂ/- ૪૫૦/- મોબાઇલ - ૯૯૦૪૩ ૮૦૧૭૩ )

*તણખો - જુબાન કા વજન બહોત કમ હોતા હૈ લેકિન બહોત કમ લોગ ઇસે સંભાલ પાતે હૈ ●*

- 9426060601.india@gmail.com

## રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

દુષ્કાળ જ છે. ભારતમાં દર વર્ષે ક્યાંક સાવ ઓછો વરસાદ તો ક્યાંક વધુ વરસાદ પડે જ છે એવા સમયે અગાઉની સરકારોની નદીઓને જોડવાની યોજના યાદ આવી જાય કે જેનાથી નદીઓ એકબીજા સાથે જોડાઈને પાણીની તંગી કે ખેંચ સરભર કરી આપે પણ સરકારો આવે ને જાય છે પણ હજુ સુધી તો આ યોજનાનો ય પણ આગળ વધ્યો નથી. હા કહેવતની જેમ આગ લાગે ત્યારે કુવો ખોદવા બેસે એમ ટેન્કરો, દુષ્કાળ રાહતો અને બીજી રીતોથી ટેમ્પરરી હલ શોધવા નીકળી પડે છે પણ સરવાળે તો અનેક ખેડૂતો, ઉપજ અને સૌથી કીમતી માણસોની જિંદગીઓ ઓલવાય જાય છે એનો કોઈ કાયમી ઉકેલ નથી નીકળતો.

akurjt@gmail.com

**વિસામો :**

પાણીની ભયંકર તંગી ભોગવી રહેલ મરાઠવાડામાં તો હાઈવે પરની હોટેલો અને ધાબાઓના માલિકોએ ટોઈલેટ-બાથરૂમને તાળા મારી દીધા છે...!!!